# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૧૧

## સલામી સવારની..

જમીનો ની હેરાફેરી માંથી સમય મળે તો ને?
ને ટેન્ડર ની મલાઇ માંથી સમય મળે તો ને!
સમય કાઢે કયાંથી શહીદોને સલામી આપવાનો -
આપસી ટાંટિયાખેંચ માંથી સમય મળે તો ને!!

## હાઈકુ

'માણસખાઉ'
આ વાઘ ને કે' કોણ?
મોં ગંધાય છે!
(લોકપાલ પોચા પડ્યા)

... અને નેતાઓ -
તો સર્જાયા છે માત્ર
ખાયકી માટે!!
(સૈનિકો, શહિદી માટે જ..
- ભીમસિંહ)

## ચિંતન

**ક્ષાન્તિશ્ચે ત્વવચેન કિં કિમિરિભિઃ ક્રોધ્રાઅસ્તિ ચેદેહિનાં, જ્ઞાતિશ્ચેદનલેન કિં યદિ સુહૃદિવ્યોષધૈઃ કિં ફ્લમ ।**
**કિં સર્પૈર્યદિ દુર્જનાઃ કિમુ ધનૈ વિંધાનવધા યદિ્ વ્રીડા ચેત્કિમ્ ભૂષણૈઃ સુકવિતા યદસ્તિ રાજ્યેન કિમ ॥**

'જો મનુષ્ય પાસે ક્ષમા હોય તો પછી બખ્તર-ઢાલ અને બચાવના સાધનની શી જરૂર?'

- જો માણસ જાતે જ ક્રોધી હોય તો પછી બીજા દુશ્મનની શી જરૂર છે? ક્રોધ જ માણસનો મોટો દુશ્મન છે.

- જ્ઞાતિ અને જ્ઞાતિજનો હોય તો પછી અગ્નિની શી જરૂર છે? અર્થાત જૂના જમાનામાં જ્ઞાતિના બંધન અને મર્યાદાઓ સહિતના કાયદા-કાનૂન-ચૂસ્ત રિવાજોનો ભય અગ્નિની જેમ દઝાડતો હતો. અત્યારે જ્ઞાતિબંધન કોઇને 'નડતા' નથી.

- જો સારો-સાચો-સજ્જન મિત્ર હોય તો દિવ્ય પ્રકારના ઔષધની શી જરૂર છે? અર્થાત સાચો મિત્ર જ બધી જ રીતે સહાયરૂપ અને ઔષધરૂપ જ છે દુખ-દર્દનો સર્વોત્તમ ઇલાજ જ છે.

- જો તમે આસપાસ દુર્જનોથી જ વિંટળાયેલા હો તો પછી ઝેરીલા સર્પોની શી જરૂર છે? અર્થાત દુર્જનનું વર્તન-સ્વભાવ ડગલે અને પગલે તમને ડંખે છે.

- જો નિર્દોષ સદ્‌વિદ્યા હોય તો એ જ મહાલક્ષ્મી છે પછી ધનની શી જરૂર?

- જો સ્ત્રી/પુરૂષની પાસે લજ્જા-મર્યાદા હોય તો એ જ સદ્‌ગુણનું આ આભૂષણ છે પછી બીજાં આભૂષણની શી જરૂર?

- જો સારો કવિ હોય તો પોતાની મસ્તીના દરબારમાં જ જીવે છે પછી એને બીજા રાજયની શી જરૂર છે?

## સુવિચાર

- માણસ પાસે બે જ રસ્તા હોય છે, કશુક જુદુ કરો અથવા શરણે થઇ જાવ- **બીલ ગેટ્સ**
- આપણુ મગજ પેરાશુટની કોપી છે, તે સમયસર ખુલી જાય તો જ જીવનરક્ષાનું કામ કરે છે, નહિતર પેરેશુટ હોય કે ન હોય કોઇ ફરક પડતો નથી - **સંત થોમસ**
- તમે જેને સૌથી વધુ પ્રેમ કરતાં હોવ એને સમય આવે રડવામાં પણ મદદ કરજો - **સ્વામિ રાજચંદ્ર**
- ખરી અંગત વ્યક્તિ એટલે જે તમારો હાથ પોતાના હાથમાં લઇ બોલ્યા વગર જ તમને અહેસાસ કરાવે કે તમે જીવન સફરમાં એકલા નથી - **દિપક ચોપડા**
- આંસુની એક ઓળખ હોય છે જે બહુ ઓછા લોકો પાસે છતી થતી હોય છે, જેને આવી 'ઓળખ' હોય છે તે જ સાચા અર્થમાં 'અંગત' હોય છે - **પૂજ્ય મોટા**
- સૂવા અને પોઢવામાં ફરક છે, માણસ સૂઇ જતો હોય છે અને બાળક પોઢી જતું હોય છે - **મુનિ ચંદ્રવિજયજી**
- તમને જિંદગીથી ભાર લાગે છે? તો હસવાનું થોડુંક વધારી દો, અને હા, ખરા દિલથી હસજો, હળવાશ લાગશે - **શાહબુદ્દીન રાઠોડ**

## બોધ કથા

ઇશ્વરે આપણને વિચાર-કલ્પના શક્તિ અનેક પ્રાકૃતિક ભેટો આપી છે આપણે હસી-રડી શકીએ છીએ. મોજ-મજા-આનંદ માણી શકીએ છીએ અને સૌથી શ્રેષ્ઠ બાબત તો 'ભૂલી જવા' શક્તિ છે જો માણસ બચપણથી વૃદ્ધત્વ સુધીના આઘાતો-વાતો ભૂલી ન જાય તો ગાંડો જ થઇ જાત!

**એક યુવાન એકતરફી પ્રેમમાં નિષ્ફળ જતાં ખુબ દુઃખી હતો. પ્રેમિકા હતી તો મિત્ર પણ 'ગેરસમજ'થી યુવાન તેણીને ચાહવા લાગ્યો હતો. શાળા-કોલેજના સમયમાં બનેલા પ્રસંગો-સંવાદો વાગોળ્યા કરતો અને પોતાના મનમાં જ પ્રેમમાં ઊંડો ને ઊંડો ઉતરતો જતો હતો.**

...અને એક દિવસ અચાનક ગેરસમજનું આવરણ હટી ગયું. ખૂબ આઘાત લાગ્યો, દુઃખી થયો અને સંત પાસે જઇ પોતાને થયેલા અન્યાય અને દુઃખનું કારણ પૂછ્યું.

સંત કહે માત્ર તું જ નહીં સંસારમાં સૌ કોઇ જે દુઃખી થાય છે એનું મુખ્ય કારણ એ છે કે માણસ જે ભૂલવા જેવું છે એ યાદ રાખે છે અને જે યાદ રાખવાનું છે તે ભૂલી જાય છે. જો માણસ આ ક્રમને ઉલ્ટાવી નાખે તો સંસાર-વ્યવહારમાં સુખ જ સુખ છે. 'ભૂલવા જેવું ભૂલી જાવ, માત્ર યાદ રાખવા જેટલું જ યાદ રાખો!'

Email - sureshchandrabhatt18@gmail.com

# 'રાષ્ટ્રીય સ્મારક' રૂપે સચવાયેલી ક્રાંતિકારીઓની આ સ્મૃતિઓને જોતાં તેમનાં સન્માનમાં આપણું શીશ ઝુકી જાય છે

## આંખે દેખ્યું આંદામાન

- નટવર હેડાઉ

વહેલી સવારે આંખ ખુલી ત્યારે હોટલની બારીના સહેજ ખસી ગયેલ પડદાની પાછળની ઓરડામાં પ્રવેશી રહેલાં પ્રભાતના સોનેરી કિરણો નવી આશા, ઉંમગ અને ઉત્સાહને પ્રેરતા હતા. આખી રાત ઝરમર વરસાદ વરસ્યા પછી ઉઘાડની સાથે વાતાવરણમાં ઠંડક પ્રસરેતી હતી. ઘડિયાળમાં જોયું તો પાંચ વાગીને દશ મિનિટ થઇ હતી. મને શંકા ગઇ કદાચ ઘડિયાળ બંધ પડી ગઇ હોવી જોઇએ. તેથી મોબાઇલમાં સમયની ખાત્રી કરી તો તેમાં પણ એ જ સમય બતાવતો હતો.

"કેટલા વાગ્યા, આપણે સાત વાગ્યે નીકળવાનું છે ને, કદાચ મોડું થઇ ગયું લાગે છે." મીના એ પણ બારી તરફ નજર કરતાં કહ્યું.

"ના...ના... જો તો ખરી ઘડિયાળમાં હજુ પાંચને દશ થાય છે?"

"હેં, ના હોય, ખરેખર."

"હાં, મને પણ સાચું નહોતું લાગતું પણ મોબાઇલમાં પણ એ જ સમય બતાવે છે."

"પણ આ સુરજ કેટલો ચડી ગયો છે."

અમે વાત કરતાં હતાં ત્યાં હોટલનો બેરર શની આવ્યો.

"સર, ચાય કોફી"

"હા, એક ચાય ઔર એક કોફી લે આઓ." મેં કહ્યું.



"ભૈયા, ક્યા ટાઇમ હુઆ હૈ"મીનાએ હજુ માનવામાં આવતું ન હતું. તેથી ખાત્રી કરવા તેણે પૂછ્યું.

"મેડમ પાંચ બજકે પંદરા મિનિટ હુઇ હૈ."

"શનિ ઐસા ક્યું હૈ યહાં સૂરજ જલ્દી નીકલતા હૈ કયાં?" મેં તેને પૂછ્યું.

"હાં સર, જો યહા ઘુમને આતે હૈ વો સબકા તો યહી અનુભવ હૈ" શનિએ કહ્યું અને તે જતો રહ્યો.

હું થોડીવાર વિચાર કરતો બેઠો.મીના અહીં પણ તેની સવારની કામગીરીમાં લાગી ગઇ હતી. તેણે પલંગ અને રૂમ ઠીકઠાક કરવા માંડ્યો. પછી બ્રશ કરવા જતાં અગાઉ મને પણ બ્રશ અને ટુથપેસ્ટ પકડાવતાં બોલી.

"કયારના શું વિચાર કરો છો."

"આ સમયનો વિચાર કરૂં છું. ભારતીટ સ્ટાન્ડર્ડ ટાઇમ મુજબ આપણી ઘડિયાળ તો બરાબર છે પણ આપણે પશ્ચિમથી પૂર્વ તરફ ત્રણેક હજાર કિ.મી. અંતર કાપીને આવી ગયા છીએ તો સૂર્ય અહીં વહેલો ઉગતો દેખાય તે વાત હવે સમજાય છે."




"બસ ત્યારે હવે બ્રશ કરી તૈયાર થઇ જાય. જુઓ નીચે પણ ચહર પહલ જણાય છે બધાં જ જાગી ગયા છે. આજે ફરી પેલી સેલ્યુલર જેલ જોવા જવાનું છે. કાલે તો દૂરથી જોઇ આજે વિગતે જોવા મળશે." મીનાએ કહ્યું.

અમે નાઇધોઇ તૈયાર થઇ ગયાં ત્યાં સુધીમાં ચ્હા, કોફી પણ આવી ગયા. હું ચ્હાનો ઘુંટ ભરતો હતો ત્યારે જેન્તીભાઇએ આવીને ખબર આપ્યા.

"આપણને લેવા માટે ગાડી આવી ગઇ છે."

"તમે ચાલો અમે આવીએ જ છીએ" મેં કહ્યું.

●●●

અમે સેલ્યુલર જેલ પહોંચ્યા ત્યારે શક્તિ અમારી સાથે હતો. તેણે કહ્યું કે સર કાલે આ જેલનો ઇતિહાસ શું છે તેની વિગત મેળવી હતી આજે કેટલીક પ્રત્યક્ષ હકીકતો હું તમને બતાવવાનો છું.

જેલના મેઇન ગેઇટથી ગઇકાલવાળા જ રસ્તે અમે સૌ અંદર પ્રવેશ્યા. જેલની વિશાળ દિવાલ અને બે મોટા મિનારાઓને પીળા રંગ લગાવવામાં આવેલો હતો. જયારે દરવાજો કાળા રંગનો હતો તેના પર સોનેરી અક્ષરે સેલ્યુલર જેલ અંગ્રેજી અને હિન્દી ભાષામાં લખાયેલા હતું.

દરવાજાની અંદર જતાં સામે ત્રણ માળવાળી સાત પાંખયાંની જેલના બે પાંખીયા દેખાય છે. વચ્ચે ક્રાંતિકારીઓને જે રીતે સજા અપાતી તેનો નિર્દેશ કરતા સ્ટેચ્યુ મુકવામાં આવ્યાં છે. તે અમે જોતા હતા ત્યાં શક્તિ આવી ગયો. તેણે હવે માહિતી આપવા માંડી.

ક્રાંતિકારી દેશભક્તોના પવિત્ર સ્થાન સમી આ સેલ્યુલર જેલને રાજનૈતિક કેદીઓ તરીકે જેઓ રહેલા સ્વાતંત્ર્ય સેનાનીઓ એ મળીને રાષ્ટ્રીય સ્મારક જાહેર કરવા માટે ભારત સરકારની પાસે પ્રસ્તાવ મુક્યો. ત્યારે ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીએ અને ૧૯૬૮માં તેનો સ્વીકાર કર્યો હતો. પરંતુ એક યા બીજા કારણોસર તેમાં વિલંબ થતો રહ્યો અને છેવટે અગિયાર ફેબ્રુઆરી ૧૯૭૯માં ભૂતપૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઇ એ આ જેલને 'રાષ્ટ્રિય સ્મારક' તરીકે રાષ્ટ્રે સમર્પિત કરી. તે સમયે જેમણે આ જેલમાં સજા ભોગવેલી એવા સેંકડો સ્વાતંત્ર્ય સેનાનીઓ ઉપસ્થિત રહ્યા હતા. આજે આ જેલમાં ૭ ભાગો પૈકી ત્રણ ભાગ ફાંસી ઘર, તેલ મીલ, સજાનું સ્ટેન્ડ જે અંગ્રેજોના સમયમાં હતું એ જ હાલતમાં રાખવામાં આવ્યું છે. જે વીર ક્રાંતિકારીઓએ આ જેલમાં પોતાનું બલિદાન આપ્યું હતું. તેમની સ્મૃતિમાં જેલનાં પ્રાંગણમાં 'બલિદાન વેદી સ્તંભ' ઊભો કરવામાં આવ્યો છે. તેનું અનાવરણ પૂર્વ રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસિંહ કર્યું હતું.

અમે સૌ એ સ્તંભ પાસે ગયા અને મનોમન વીર ક્રાંતિકારીઓની વીરતાને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા. ત્યાંથી આગળ વધતાં જેલના જેલર મિ. ડેવિડ બેરીની ઓફિસ આવે છે. તેને રૂપાંતરિત કરીને નેતાજી ગેલેરી રૂપે વિકસાવવામાં આવી છે. તેમાં નેતાજી સુભાષચંદ્ર બોઝના પૂર્વ જીવન અને કાર્યો અંગે વિસ્તૃત વિગતો મુકવામાં આવી છે. દુર્લભ તસ્વીરો અને લખાણો આ રાષ્ટ્રીય સ્મારકની મહત્તા વધારે છે. ત્યાંથી આગળની દીર્ઘામાં નીચેના ભાગે જતાં શરૂઆતની સેલ્યુલર જેલનું મોડેલ, કેદીઓની અલગ અલગ જાતની બેડીઓ, સજાનું સ્ટેન્ડ, કેદીઓનાં વાસણો, તેમના પોષાકો, ઘાણી વિગેરે પ્રવાસીઓના અવલોકન માટે સહજ લાગે તે રીતે મુકવામાં આવ્યાં છે. બીજા હોલમાં આર્ટ ગેલેરી વિકસાવવામાં આવી છે. તેમાં આંદામાનની જનજાતિઓ અને અંગ્રેજો વચ્ચે થયેલો યુદ્ધ જેને "સબરડીન નું યુદ્ધ" તરીકે ઓળખાય છે. તે તેમજ "વાઇપર દ્વીપનું ફાંસી ઘર" અને અંગ્રેજ શાસનની 'રોસ રાજધાની' એ બધું બહુ જ કલાત્મક રીતે ચિત્રિત કરી રજૂ કરાયું છે. તો વળી જેલના મધ્યભાગમાં આવેલ ટાવરમાં સ્વતંત્રતા સેનાની ચિત્ર કક્ષ જનતાના અવલોકનાર્થે રાખવામાં આવ્યો છે. આ કક્ષમાં અશોક સ્તંભને વચ્ચે ગોઠવીને જેમણે પોતાના આત્મ બલિદાન આપ્યા છે એવા છ ક્રાંતિકારીઓની તામ્રની અર્ધ પ્રતિમાઓ સ્થાપિત કરાઇ છે. તેમજ અન્ય ક્રાંતિકારીઓની તસ્વીરો પણ અહીં મુકવામાં આવી છે. તે સાથે સાથે ક્રાંતિકારીઓની ગતિવિધિઓ અને તેના સાથે જોડાયેલ ષડયંત્ર કેસને પણ સ્પષ્ટ કરાયા છે.

આ બધુ જોતાં જોતા અમે જેલની સાત નંબરની કોટડી પાસે આવ્યા. અહીં વીર સાવરકરને રાખવામાં આવ્યા હતા. કોટડીની અંદર જરા વાર ઊભો રહેતાં ભયંકર ગરમી લાગે તેવી કોટડી હતી. આપણને તો તરત જ બહાર નીકળી જવાનું મન થાય. ત્યારે વિચાર આવ્યો કે સાવરકર આ કાળ કોટડીમાં દશ વર્ષ સુધી એકાંકી ગોંધાઇને કઇ રીતે રહ્યા હશે. કેમ કરીને એમને એ દિવસો પસાર થયા હશે? શક્તિએ અમને માહિતી આપી કે અહીં કોટડીઓની બહાર બે પઠાણ ખૂંખારો પહેરો ભરતા, અહીંની દરેક કોટડી ૧૩.૫ ફૂટ લાંબી અને ૭ ફૂટ પહોળી તેમજ દશ ફૂટ ઊંચી છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ગાંધીનગર અને હાલમાં ચાલતી વર્ષાઋતુને ધ્યાને લઇ સ્વરચિત કાવ્ય રચનાઓનું પઠન ગાંધીનગરના જાણીતા વરિષ્ઠ કવિઓ અને નવોદિતો દ્વારા કરવામાં આવશે

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

**સમાચાર સેતુ**

● ગાંધીનગર સાહિત્ય સભાની માસિક બેઠક તા. ૧૧/૦૮/૨૦૧૩ના સાંજે ૫ : ૦૦ કલાકે બ્રહ્મ ભવન, વિદ્યા લાઇબ્રેરી પાછળ સેક્ટર-૧૬ ખાતે રાખવામાં આવેલ છે. જેમાં તાજેતરમાં ગાંધીનગર શહેરનો જન્મદિન ઉજવાયો તે સંદર્ભે છે. ગાંધીનગર અને હાલમાં ચાલતી વર્ષાઋતુને ધ્યાને લઇ સ્વરચિત કાવ્ય રચનાઓનું પઠન ગાંધીનગરના જાણીતા વરિષ્ઠ કવિઓ અને નવોદિતો દ્વારા કરવામાં આવશે. જેમાં ઉપસ્થિત રહેવા માટે ગાંધીનગર સાહિત્ય સભાના તમામ સભ્યો તેમજ ભાવકો અને રસ ધરાવતા સૌને પધારવા જણાવાયું છે.

● ગાંધીનગર સાહિત્યસભાના ઉપક્રમે તાજેતરમાં આર.સી.હાઇસ્કૂલ કડી કેમ્પસ - ગાંધીનગર ખાતે વિદ્યાર્થીઓ માટે જોડણી સ્પર્ધાનું સુંદર આયોજન સાહિત્યસભાના સભ્ય સોમભાઇ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ધો-૯ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ ને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનવામાં આવશે. જેમાં સોનમસિંહ વિરલકુમાર લાલભાઇ ધો-૯ તેમજ લબાના પ્રદ્યુમન કુમાર શૈલેસભાઇ સાહિત્ય સભાની મીટીંગમાં ઉપસ્થિત રહેશે. પ્રમુખશ્રી દોલત ભટ્ટના હસ્તે તેમને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવશે.

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા વિદ્યાર્થીઓ અને યુવાઓને સાહિત્ય પ્રવૃત્તિ સાથે સાંકળવાના આ પ્રયાસમાં ગાંધીનગર સાહિત્ય સભાના સૌ સભ્યોને સહયોગ મેળવી જુદી જુદી શાળઆઓમાં ભાષા અને સાહિત્યને લગતી જુદી જુદી સ્પર્ધાઓ યોજવામાં આવે તે માટે આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંગે રસ ધરાવતા જ્ઞાતિ સંગઠનો, શાળા, કોલેજો અને સ્વૈચ્છિક સંસ્થાઓનો સાથ સહકાર પ્રાપ્ત થાય તે માટે ઇચ્છુક સૌને પ્રમુખ/મંત્રી ગાંધીનગર સાહિત્યસભાનો સંપર્ક કરવા જણાવાયું છે.

● ગાંધીનગર સાહિત્ય સભા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સાહિત્ય ના તજજ્ઞો સાથે સર્જકોનો સીધો પરિચય અને સંવાદ રચાય તેવા ઉમદા હેતુથી શાળા કોલેજોમાં એક કલાકનો કાર્યક્રમ યોજવા માંગે છે. જેમાં ૩૦ મિનિટ સર્જકનું વક્તવ્ય અને ૩૦ મિનિટ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો સાથે સંવાદ યોજવાનું નક્કી થયેલ છે. તે માટે અનુકૂળ સમય અને તારીખથી વિગત સાથે પ્રમુખ દોલત ભટ્ટ નો સંપર્ક કરવા જણાવાયું છે. આ માટે ગાંધીનગર તેમજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોની શાળા કોલેજોને સાંકળી લેવામાં આવેલ છે. જે અન્વયે ૩૦ જેટલી શાળા કોલેજોને પત્ર લખી જાણ કરવામાં આવી છે તે ઉપરાંત રસ ધરાવતી શાળા / કોલેજના સંચાલકો / આચાર્યક્ષીઓ પણ પોતાની સંસ્થાઓ આવો કાર્યક્રમ યોજવા માંગતા હોય તો પ્રમુખ -

**દોલત ભટ્ટ**

બ્લોક નં. ૨૫/૪, ઘ-ટાઇપ, સેક્ટર-૨૨, ગાંધીનગર, મો. નં. ૯૮૨૫૫૨૬૨૫૫ નો સંપર્ક કરવા જણાવાયું છે.

● 'ભૂજ કલાવૃંદ સંસ્થા' તરફથી કાવ્ય સ્પર્ધા યોજવામાં આવી છે. જેમાં કવિ મિત્રોને કાવ્યો મોકલવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

તે માટે સંયોજક - **દિલીપ આચાર્ય 'દિલકશ'**
માતૃછાયા વિદ્યાલય પાસે, ૨/૨૭, ભૂજ, જિ. કચ્છ (મો. ૯૮૨૫૪૨૬૯૮૮) - નો સંપર્ક સાધવા જણાવાયું છે.

● પ્રતિષ્ઠિત સામયિક "કુમાર" તરફથી પ્રતિ વર્ષ શ્રેષ્ઠ સાહિત્ય પ્રદાન બદલ આપવામાં આવતો "કુમાર સુવર્ણ ચંદ્રક" અને ૨૦૧૨ માટે વરિષ્ઠ કવિ - વિવેચક રાધેશ્યામ શર્માને આપવાની ઘોષણા કરવામાં આવી છે. "કથા બોધ" માટે તેઓને આ ચંદ્રક એનાયત કરવામાં આવશે. તેઓને આ ચંદ્રક ટૂંક સમયમાં યોજનાર જાહેર સમારંભમાં એનાયત કરવામાં આવશે.

● તાજેતરમાં સુરેન્દ્રનગર રોટરી હોલમાં એક સમારંભમાં જાણીતા સાહિત્યકારો ડો. કુમારપાલ દેસાઇ અને રઘુવીર ચૌધરીની ઉપસ્થિતિમાં કવિ વિનોદ જોષીને "કવિશ્વર દલપતરામ એવોર્ડ-૨૦૧૩" એનાયત કરવામાં આવશે.

● તાજેતરમાં મોડાસાની સાહિત્ય સંસ્થા "શબ્દ સેતુ"ના ઉપક્રમે સરસ્વતી હાઇસ્કૂલના પરિસરમાં કવિ સંમેલન યોજવામાં આવ્યુ હતું. જેમાં કવિઓ રમેશ પટેલ "ક્ષ", અનંત રાઠોડ, અરવિંદ ગજ્જર, અરવિંદ ટાંક, અંબાલાલ પટેલ અને ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય એવા ડો. કનૈયાલાલ ભટ્ટે તેમજ હેમંત વણકર, પિનાકીન પંડ્યા અને અન્ય સ્થાનિક નવોદિત કવિઓ એ ભાગ લીધો હતો.

● "ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી"ના ગાંધીનગર દ્વારા બાળકો અને શિક્ષકોનું સામયિક 'બાળ સૃષ્ટિ' દર માસે નિયમિત રીતે પ્રગટ થાય છે. જેમાં બાળવાર્તાઓ, ચિત્રકથાઓ, પ્રેરક પ્રસંગો, ભાવ-પ્રતિભાવ, તેમજ કોયડા અને બાળકો દ્વારા દોરેલ ચિત્રો અને બાળકોની રચનાઓ પણ પ્રગટ કરવામાં આવે છે. આ બાળ સામયિક દ્વારા તાજેતરમાં ખાસ વિશેષાંકો પણ પ્રગટ કરવામાં આવ્યા છે. જેમાં સ્વામી વિવેકાનંદ વિશેષાંક, સ્વાતંત્ર્ય દિન વિશેષાંક, ખુબ જ મૂલ્યવાન બન્યા છે. તે માટે નિયામક એચ.કે. પટેલ,અને સંપાદક કિશન એચ. વસાવા તેમજ તેમની ટીમ અભિનંદનની અધિકારી છે.

● "શબ્દસર" સામયિક તેના સંપાદકોની નવી ટીમ સાથે મુળ સુંદર મુખપૃષ્ઠ તેમજ ચિત્રાંકનો અને ઉત્કૃષ્ટ લેખો દ્વારા ધ્યાનાકર્ષક બની રહ્યું છે. તેની દિપોત્સવી અંક માટે કૃતિઓ મંગાવવામાં આવી રહી છે.

# દરેક પ્રજા પાસે પોતાનું એક અલગ ધર્મશાસ્ત્ર હોવું જરૂરી છે, મૂળ આર્ય - પ્રજા વેદ સાથે લાવી હતી, તેથી આપણા ધર્મનું મૂળ શાસ્ત્ર 'વેદ' મનાય છે

## વેદ અને વેદકાલીન દેવો

## સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

સનાતન હિન્દુ-ધર્મ એટલે જ્ઞાનનો અગાધ સાગર. જ્ઞાન વિતરણ માટે તેમાં અનેક ધર્મગર્થોનું સર્જન થયું છે. આવા શાસ્ત્રોમાં અપરંપાર વિવિધતા તથા વિશેષતાઓ જોવા મળે છે. જે ધર્મમાં એક માત્ર વ્યક્તિ અને એક દેવ છે તેવા ધર્મના અનુયાયીઓ હિન્દુ - ધર્મને સમજી નથી શકતા. હા એ સાચું કે આપણે એ લોકો જેવી ધાર્મિક સચોટતા નથી અનુભવતા. ધર્મનો ઇતિહાસ તપાસતા આનું સ્પષ્ટ કારણ મળી જાય છે. આજે આપણે જેને હિન્દુ તરીકે ઓળખીએ છીએ તે પ્રજા મૂળ આર્ય પ્રજામાંથી ઊતરી આવી છે ખરી પણ શુદ્ધ આર્ય નહીં. મૂળભૂત પાંચ શાખા ધરાવતી આર્ય પ્રજા અહીં આવી તે પછી તેમાં સાત-આઠ જેટલી અન્ય પ્રજાઓનું સંમિશ્રણ થયું છે. આ તમામ પ્રજા પાસે પોતાની પરંપરા - રિવાજો - સંસ્કારો તથા આધ્યાત્મિક સાત હતું. તેઓને પોતાના દેવો હતા. પરિણામે આજની હિન્દુ પ્રજાના આચાર વિચારમાં આર્ય દેવો - તેમજ આર્યેતર - પ્રજાના દેવો - તેમજ ધર્મશાસ્ત્રો પ્રતિષ્ઠા પામ્યા છે.

દરેક પ્રજા પાસે પોતાનું એક અલગ ધર્મશાસ્ત્ર હોવું જરૂરી છે. મૂળ આર્ય - પ્રજા વેદ સાથે લાવી હતી. તેથી આપણા ધર્મનું મૂળ શાસ્ત્ર 'વેદ' મનાય છે. વેદ અતિ પ્રાચીન ગ્રંથ છે. વિશ્વનાં સૌથી જૂનામાં જૂનાં ગ્રંથ તરીકે 'ઋગ્વેદ' ને માન્યતા મળી છે. એ રીતે જોતા વેદ આપણી ધાર્મિક પરંપરા તથા ક્રિયાકાંડ માટે પાયાનું શાસ્ત્ર છે. આપણી ધાર્મિક માન્યતાઓ, આધ્યત્મિક તત્ત્વચિંતન તથા સાંસ્કૃતિક ભાવના માટેની આધાર શીલા વેદ છે. આજે પણ આપણી તમામ ધાર્મિક ક્રિયા પૂજન - સામાજિક પ્રસંગો જેવા કે લગ્ન - જન્મ તથા મરણ - આ તમામ પ્રસંગો વેદ - મંત્રો જ ઉચ્ચારવામાં આવે છે. જીવનભરના સોળ સંસ્કાર, નિત્યના પંચયંજ્ઞ તથા અતિથિ - પૂજન - વેદોના આધારે જ થાય છે.

વેદોની ઉત્પત્તિ માટે વિવિધ મતો પ્રચલિત છે. માન્ય ઋષિઓ તેને અપૌરૂષેપ અનાદિ ગણાવે છે તો કેટલાક તેને પરમાત્માની વાણી કરે છે. ઋષિઓએ આ વાણી સાંભલી. શ્રવણ વાટે જ્ઞાન મેળવ્યું તેથી વેદ માટે 'શ્રુતિ' શબ્દ વપરાય છે. હજી ગઇ સદી સુધી વેદો મૌખિક, ગુરૂ, પરંપરાથી સચવાતા આવ્યા હતા. પશ્ચિમના અનેક વિદ્વાનોને વેદો અને તેમા પીરસાયેલા જ્ઞાનની પ્રસંશા કરી છે. જો કે નાસ્તિકો વેદ માટે ઉચ્ચ અભિપ્રાય ધરાવતા નથી.

સનાતન હિન્દુ ધર્મમાં વેદોનું આટલું બધું મહત્ત્વ છે તેમ છતાં વાસ્તવિક પરિસ્થિતિ સાવ અલગ છે. જે લોકો અશિક્ષિત છે તેવો તો વેદ અંગે કંઇ ન જાણે તે સ્વાભાવિક ગણાય. પણ આપણા ભણેલા - ગણેલા પણ વેદ ચાર છે ને તેના નામ છે એટલું જ જાણે છે. કર્મકાંડ કરાવનાર - પુરોહિતોને થોડા મંત્રો કંઠસ્થ હોય છે ને દરેક પ્રકારનાં યજ્ઞાદિ સમયે ઉચ્ચારાય છે. મોટા ભાગના લોકો શુક્ર-પાઠ કરતા હોય છે અર્થની સ્પષ્ટતા તેઓના મનમાં હોતી નથી. વેદ અંગેનું વાઙ્મય અતિ વિશાળ છે તેવો ખ્યાલ સમાજમાં અતિ અલ્પ પ્રમાણમાં જ છે. લોકો મોટા ભાગે અજાણ છે.

આ અજ્ઞાનતા માટેના કેટલાક વ્યાજબી કારણો પણ છે. સૌ પ્રથમ તો વેદની ભાષા પ્રાચીન સંસ્કૃત છે. જે આજના સંસ્કૃત કરતાં અલગ પડે છે. વળી તેમાં પ્રયોજાયેલા શબ્દો અનેકાર્થી છે. તેથી તેના અર્થઘટનમાં ફેર પડે છે. જુદા જુદા પંડિતો એક જ મંત્રના પરસ્પર વિરોધી અર્થ કરે છે. તેથી ગુંચવાડો થાય છે. ભાષા ઉપરાંત સામાજીક વિચારણા પણ તે માટે જવાબદાર મનાય. વર્ણાશ્રય - વ્યવસ્થા ન હતી ત્યારે સૌ વેદ ભણી શકતા. બ્રાહ્મણો, ક્ષત્રિયો પાસેથી જ્ઞાન મેળવવા જતા. પણ વર્ણાશ્રમ વ્યવસ્થા દૃઢ થતાં બ્રાહ્મણોએ વેદ પર અધિકાર જમાવ્યો. શુદ્રોને તેમજ સ્ત્રીઓને વેદ ભણવાનો અધિકાર નથી તેમ કહી સમાજના મોટા ભાગને વંચિત કરી દેવામાં આવ્યા, ત્યાર પછી યોગ્ય ને અધિકારીને જ વેદ જ્ઞાન અપાય તેવો ઠરાવ થયા. આમ આ જ્ઞાન સીમિત સીમાડામાં બંધાયું.

પુરાણોની રચના તથા લોકોને તેના કથારસ વધારે ગમ્યો. કથાકારોએ પૌરાણિક દેવો વિશે પ્રજામાં અહોભાવ પ્રગટાવ્યો. રામાયણ તથા મહાભારત જેવા કાવ્ય ગ્રંથોમાં શાસ્ત્રીય તત્ત્વ ગુંથવામાં આવ્યું ને તેની પારાયણો થવા લાગી. શ્રીમદ્ ભાગવદ્ - પુરાણને ધર્મનો સર્વોચ્ચ ગ્રંથ માનવામાં આવ્યા ને ભક્તિભાવ તરફ લોકોને પ્રેર્યા. પરિણામે વેદો વિસરાયા. લગભગ બે હજાર વર્ષ પહેલાં જગત-ગુરૂ શંકરાચાર્યની વિચારસરણી પ્રચલિત થઇ. આ સંસાર તો પ્રપંચ છે. માયા છે તેમાંથી છૂટવું જોઇએ. કર્મ માત્ર બંધન કર્તા છે. સંસાર છોડી સન્યસ્ત લેવાથી મોક્ષ મળે છે. જન્મ - મરણના મોટા ચક્કરમાંથી છૂટાય છે.' આ વિચારધારાએ લોકોને પુરા આકર્ષ્યા. પરિમામે વેદો તરફ સમાજે પીઠ ફેરવી દીધી.

વેદનું મહત્ત્વ સમજાય એટલે તુરત મનમાં જીજ્ઞાસા જાગે કે વેદોનું શું કહેવાયું હશે? કયા દેવોની પ્રાર્થના ઉપાસના કરવામાં આવતી હશે. તો કહીશું કે વેદમાં જ્ઞાન છે. જીવન - જીવવાનો ઉલ્લાસ છે. આનંદમય તથા સુખમય જીવન માટેની પ્રાર્થનાઓ છે તેમાં કયાંક સંસારની નિંદા નથી. સંસારનો પ્રપંચ કહ્યો નથી. ઋષિઓ સંસારને સુખમય માનતા હતા. પરંપરા તે ભોગવવામાં માનતા હતા.

(અનુસંધાન પાના નં. ૬ પર)